# આરબીઆઇ રજૂ કરે છે સ્પેશિયલ ઇલેકટ્રોનિક ફન્ડસ ટ્રાન્સફર

**31 માર્ચ, 2003**

ધ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા બેકં સંબંધક સ્પેશિયલ ઇલેકટ્રોનિક ફન્ડસ ટ્રાન્સફર (એસ ઇ એફ ટી) યોજના શરૂ કરે છે. આ યોજના હેઠળ દેશની વિવિધ શાખાઓમાંથી સુરક્ષિત અને ઝડપી ફંડ ટ્રાન્સફર થશે. ઇન્ટર બેંક ફન્ડસ ટ્રાન્સફર માટે મુંબઇ ખાતે 1 એપ્રિલ, 2003 થી આ યોજના શરૂ થશે.

આ યોજનાની મુખ્ય રૂપરેખા આ મુજબ છે.

- યોજના હેઠળ આવતી દરેક શાખાઓ વચ્ચે ફન્ડ ટ્રાન્સફર એક જ દિવસમાં એટલે કે સેઇમ ડે ઇન્ટર બેંક ફન્ડ ટ્રાન્સફર થઇ શકે તેવું માળખું તૈયાર કર્યું છે.
- બેંકની શાખાઓનું નેટવર્કિંગ કરી યોજના હેઠળ આવરી લેવાશે, જેથી સ્કિમના સંદેશાની ઝડપથી આપ-લે થઇ શકે.
- એસ ઇ એફ ટી યોજના હેઠળ ઇન્ટર બેંક સેટલમેન્ટની પ્રક્રિયા મુંબઇ ખાતે આ સરનામે થશે. નેશનલ કિલયરીંગ સેલ, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, નરીમાન પોઇન્ટ, મુંબઇ
- અઠવાડિયાના દિવસોમાં આ યોજનાનો સમય બપોરે 13, 2 અને 4 વાગ્યાનો રહેશે, જયારે શનિવારે બપોરે 12 અને બે વાગ્યે ઉપલબ્ધ બનશે.
- ઇનવર્ડ એસ ઇ એફ ટી રિકવેસ્ટ પછીની સેટલમેન્ટ સાઇકલ પહેલાં ખાતામાં જમા કરવામાં આવશે.
- કોઇપણ ક્રેડિટ જે લાભકર્તાના એકાઉન્ટમાં સમાવી ન શકાય તે સેટલમેન્ટના આગામી ચક્રમાં પરત આપવામાં આવશે. એમ કરવામાં નહીં આવે તો ક્રેડિટ લાગુ પાડવામાં આવી છે એમ માની લેવાશે.
- એસ ઇ એફ ટી યોજના હેઠળની સેટલમેન્ટ સાઇકલ હાલની ઇએફટી યોજનાથી અલગ રહેશે. એસ ઇ એફ ટી સ્કિમ શરૂ થયા બાદ પણ ઇ એફ ટી યોજના 500 શહેરોમાં 2500 જેટલી શાખાઓ ને આવરી લેશે.

આ યોજના ચોક્કસ સમય પૂરતી નાણાં ઉપાડવા કે મૂકવાની સેટલમેન્ટ સુવિધા ટીક 2 ના પાયા પર સિકયુરિટીઝ અને સ્ટોક એકસચેન્જ માટે આપવામાં આવશે.

બેંકની શાખાઓની યાદીસાથેની વધુ માહિતી આરબીઆઇની વેબસાઇટ www.rbi.org.in પરથી મળી શકશે.

**અલ્પના કિલ્લાવાલા**
**મહા પ્રબંધક**

**પ્રેસ રિલીઝ : 2002-2003/1018**